તા. ૧૮.૦૪.૨૦૨૫. પાના નં.૦૪

ગુજરાત સમાચાર (ગાંધીનગર આવૃત્તિ)

## ચેકિંગને કારણે ૧૯મીએ સવારે સેવા આંશિક સ્થગિત

# મેટ્રો રેલના સચિવાલય સુધીના રૂટનું શનિવારે નિરીક્ષણ કરાશે

ગાંધીનગર, ગુરુવાર

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મેટ્રો ટ્રેન સેવાં ૧૯ એપ્રિલના રોજ આંશિક સ્થગિત રહેશે. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી દ્વારા ગાંધીનગર રૂટ એટલે કે, મોટેરા સ્ટેડિયમથી સચિવાલય-ગિફ્ટ સિટીનું નિરીક્ષણ સવારે ૮થી બપોરે ૧૨:૩૦ સુધી કરવામાં આવશે. આ દરમિયાન, મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧-ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેન સેવાઓ સ્થગિત રહેશે.

## સેક્ટર-૧થી સેક્ટર-૭-૮ થઈને ચ-૩થી છ-રોડ પર સચિવાલયના પાછળના ભાગે સ્ટેશન સુધી રેલ દોડાવાશે

ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ મોટેરા સ્ટેડિયમથી ગિફ્ટસિટી તથા મોટેરા સ્ટેડિયમથી સે-૧ મેટ્રો રેલ દોડે છે. આગામી દિવસોમાં આ મેટ્રો ટ્રેનને ચ-રોડ ઉપર આગળ ધપાવીને ચ-૩ સર્કલ, ઝેવીયર્સ સ્કૂલ પાસેથી છ-રોડ ઉપર લઈ જવામાં આવશે. અહીં સચિવાયલના પાછળના ગેટ સુધીની કામગીરી પણ પુર્ણ થઈ ગઈ છે ત્યારે આગામી૧૯મીએ સચિવાલય સુધીના રૂટનું નિરીક્ષણ કરવામાં આવનાર છે. ૧૯મીએ મોટેરાંથી ગિફ્ટસિટી-સચિવાલયના રૂટનું નિરીક્ષણ કરવાનું હોવાથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ સેવા આંશિક પુરતી બંધ રહેશે. નિરીક્ષણ પૂર્ણ થયા બાદ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની તમામ ટ્રેનો હાલના સમયપત્રક મુજબ ફરીથી શરૂ થશે. ૧૯ એપ્રિલે પહેલી ટ્રેન સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ માટે બપોરે ૧૨:૫૮ કલાકે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ માટે ૧૩:૧૨ કલાકે ઉપડશે.

અમદાવાદની અન્ય મેટ્રો સેવાઓ જેવી કે, વાલ ગામથી થલતેજ ગામ અને એપીએમસીથી મોટેરા સ્ટેડિયમની ટ્રેન નિયમિત સમયપત્રક મુજબ કાર્યરત રહેશે.